

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ નવેમ્બર, ગુરુવાર...** રાત્રે પારમિતા મંદિરે યોજેલ પારાયણમાં પધારી કથાશ્રવણનો લાભ લઈ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ. ફ્લોરિડા મંદિરે સેવા આપતા રમેશભાઈ મહારાજને આશીર્વાદ પાઠવ્યા.

**૨ નવેમ્બર, શુક્રવાર...** સવારે યુ.કે.થી પધારેલ શ્રી વર્તનભાઈને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે સદ્‌ગુરુ સંત પ.પૂ. હર્ષદભાઈ દ્વારા કથિત 'અમારા જીવનની અધ્યાત્મયાત્રા' પારાયણનું શ્રવણ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૩ નવેમ્બર, શનિવાર...** વહેલી સવારે યુ.કે.થી ડૉ. અનન્યાબહેન તથા પરિવારજનો પધાર્યાં તે સૌને સત્કારી દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે પારમિતા મંદિરે 'દિવાળી શુભારંભ'ના કાર્યક્રમમાં પધારી નૂતન વર્ષનાં કૅલેન્ડર, પૂજાનાં પાન આદિ સામગ્રીનું પૂજન કર્યું તેમજ પુષ્પાંજલિ-આરતી અર્પણ કરી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. રાત્રે 'અમારા જીવનની અધ્યાત્મયાત્રા' વિષય ઉપર પ.પૂ. હર્ષદભાઈ દ્વારા કથિત પારાયણનું પાન કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૪ નવેમ્બર, રવિવાર...** આજે અ.નિ. સદ્‌ગુરુ સંત પ.પૂ. ડૉ. સનંદભાઈના પ્રાગટ્યદિને તેઓનું સ્મરણ કરી પ્રાર્થનાઓ કરી. યુ.કે.થી પધારેલ અશ્વિનભાઈ પોપટ તથા પરિવારના મુક્તોને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે પારમિતા મંદિરે સદ્‌ગુરુ સંત પ.પૂ. પૂનમભાઈ દ્વારા કથિત 'અમારા જીવનની અધ્યાત્મયાત્રા'ની વાતોનું શ્રવણ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૫ નવેમ્બર, સોમવાર...** સવારે પારમિતા મંદિરે સદ્‌ગુરુ સંત પ.પૂ. પૂનમદાદાને તેઓના પ્રાગટ્યદિન પર્વે આશીર્વાદ પાઠવ્યા. યોગીપ્રસાદમાં સ્થાનિક મંડળોના ભક્તો દ્વારા પ્રસાદનાં બૉક્સ ભરવાનો સેવાયજ્ઞ આરંભાયો ત્યારે પધારી, સેવામાં જોડાઈ સૌને સેવા-ભક્તિમાં બળ પૂરું પાડ્યું. સાંજે બ્રહ્મજ્યોતિમાં શ્રી લક્ષ્મીપૂજન વિધિમાં પધારી યજમાન પદે બિરાજેલ તથા સૌ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૬ નવેમ્બર, મંગળવાર...** સવારે કરમસદમાં જગતભાઈ કિલ્લાવાલાના ઘરે મહેમાન ભક્તો સાથે પધરામણી કરી સૌને આનંદ કરાવ્યો. અમિતાબહેન-મિલનકુમારના ઘરે પધરામણી કરી, નવા વર્ષે સૌની સુખાકારી માટે ઘરમંદિરમાં સૌએ ધૂન-ભજન-આરતી અર્પણ કરી. બાકરોલમાં શાંતિમામાના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. સદ્‌ગુરુ સંત પ.પૂ. સનંદભાઈ, પ.પૂ. પૂનમભાઈ, પ.પૂ. હર્ષદભાઈના પ્રાગટ્યપર્વ નિમિત્તે યોજેલ સભામાં પધારી તેઓનાં જીવન-માહાત્મ્યની વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે યોગીપ્રસાદના પ્રાંગણમાં યોજાયેલ રંગોળી ઉત્સવમાં પધારી સૌની રંગોળી નિહાળી તેઓની કલા-ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે વર્ણીકુંજમાં યોજેલ સત્સંગસભામાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. વિશેષ યુ.કે.થી પધારેલ ડૉ. અનન્યાબહેન તથા વર્તનભાઈની અનુભવની વાતો સાંભળી આનંદ અનુભવ્યો.

**૭ નવેમ્બર, બુધવાર...** સવારે પારમિતા મંદિરે દિવાળીના મંગલકારી દિવસે યોજેલ સભામાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. સાંજે શ્રી શારદાપૂજન વિધિમાં પધારી સૌ યજમાનો તેમજ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ નવેમ્બર, ગુરુવાર...** સવારે નૂતનવર્ષે પારમિતા મંદિરમાં શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરી તેમજ અન્નકૂટ ગોઠવવાની સેવામાં જોડાયેલ સૌ સંતો-કાર્યકર્તાઓ પર ખૂબ પ્રસન્નતા વરસાવી આશીર્વાદ પાઠવ્યા. નૂતન વર્ષની મંગલ-મિલન સભામાં પધારી સૌને દર્શન-સમાગમનું સુખ આપી આશીર્વાદ પાઠવ્યા. પારમિતા મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ યોજેલ અન્નકૂટોત્સવમાં પધારી શ્રી ઠાકોરજીને ભાવથી થાળ અને આરતી અર્પણ કરી પધારેલ અનેક ભક્તોને નૂતન વર્ષના આશીર્વાદ પાઠવ્યા.

**૯ નવેમ્બર, શુક્રવાર...** સવારે ભાઈબીજ નિમિત્તે પારમિતા મંદિરે યોજેલ 'પારિવારિક સંવાદિતા' પર્વની સભામાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. સભા બાદ સૌ વ્રતધારી સંતો-ભક્તો-મહેમાનો સાથે શ્રી યોગીપ્રસાદ પધાર્યા, જ્યાં સર્વ બહેનોએ સૌને સત્કારી સ્વાગતનૃત્યથી સ્વાગત કર્યું. સૌ સંતો-મુક્તો સાથે પ્રસાદ લીધો. સાંજે ધારી-યોગીજી મહારાજ મહાવિદ્યાલયની દીકરીઓને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપી જીવન જીવવાનું સુંદર માર્ગદર્શન આપ્યું.

**૧૦ નવેમ્બર, શનિવાર...** દિવાળી પર્વમાં દેશ- વિદેશથી પધારેલ ભક્તોને લઈ સોખડા મહા તીર્થસ્થાને પધાર્યા. સોખડા ગામના જૂના મંદિરે તથા હરિધામ મંદિરે દર્શનાર્થે પધાર્યા. પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીનાં દર્શન-ગોષ્ઠિનો આનંદ માણ્યો. તેમજ સ્વામીજીને

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિર્માણાધીન નૂતન મંદિર સંબંધી જાણકારી પૂરી પાડી. બપોરે સોખડા ગામમાં નિવાસ કરતા અરવિંદભાઈ, જયંતીભાઈ અને ઘનશ્યામભાઈ આદિના ઘરે પધરામણીઓ કરી સૌ સાથે પ્રાગટ્યસ્થાને પધાર્યા. જ્યાં સૌએ દર્શન, સંકલ્પ, પ્રાર્થના કર્યાં. બપોરે પદમલામાં ડિસેમ્બર માસમાં યોજાનાર પ.પૂ. કાકાજી-પ.પૂ. પપ્પાજી બંધુબેલડી શતાબ્દી ઉત્સવસ્થળે પધારી પૂ. ઘનશ્યામભાઈ ને સૌ કાર્યકર્તાઓને સેવા-ભક્તિમાં બળ પૂર્યું તથા ઉત્સવસ્થળે યોજેલ વિવિધ આયોજનો નિહાળ્યાં.

**૧૧ નવેમ્બર, રવિવાર...** બપોર પછી યુ.કે. પરત પધારતા વિનુભાઈ નકારજાને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૧૨ નવેમ્બર, સોમવાર...** આપણા ઉદ્યોગ સંકુલ 'અનુપમ ઍડહેસિવ્ઝ'ની ઑફિસમાં લાભપાંચમ નિમિત્તે યોજેલ મહાપૂજામાં સૌ કર્મયોગી સંત ભાઈઓને આશીર્વાદ પાઠવ્યા. નયનભાઈની ફૅક્ટરીમાં પધરામણી કરી અનુપમ સ્વજન યોગેન્દ્રભાઈ-મીનુબહેનના 'નિજાનંદ રિસૉર્ટ'માં લાભપાંચમ નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી સૌ પરિવારજનોને તથા ત્યાં કાર્યરત સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે યુ.કે. પરત પધારતાં અશ્વિનભાઈ પોપટ તથા પરિવારજનોને વિદાયની શુભેચ્છા ને આશીર્વાદ પાઠવ્યાં. સાંજે વલ્લભવિદ્યાનગરમાં પૂર્વાબહેન-રાજેન્દ્રભાઈના નૂતન સ્ટુડિયોના લોકાર્પણ પ્રસંગે યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ નવેમ્બર, મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરીને સ્થાનિક ભક્તોને તેમજ દર્શનાર્થે પધારેલ અનેક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે પારમિતા મંદિરે સભામાં સત્સંગલાભ આપ્યો.

**૧૪ નવેમ્બર, બુધવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરીને સ્થાનિક ભક્તોને તેમજ દર્શનાર્થે પધારેલ અનેક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે પારમિતા મંદિરે સભામાં સત્સંગલાભ આપ્યો.

**૧૫ નવેમ્બર, ગુરુવાર...** સવારે વ્રતધારી સંત પૂ. સુનીલભાઈ પંડ્યાના નિરામય સ્વાસ્થ્યલાભ માટે નડિયાદ 'શિવમ હૉસ્પિટલ'માં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે યુ.કે.થી પધારેલ સતીશભાઈ ચતવાણીને સત્કાર્યા તેમજ રાત્રિસભામાં તેઓ દ્વારા કરવામાં આવેલ મહિમાગાનનું શ્રવણ કર્યું.

**૧૬ નવેમ્બર, શુક્રવાર...** સવારે સતીશભાઈ ચતવાણીને લઈને યોગી વિદ્યાપીઠની મુલાકાત લઈ અનેકવિધ પ્રવૃત્તિઓ નિહાળી સૌ કાર્યકર્તાઓ ઉપર રાજીપો વરસાવ્યો. કરમસદનિવાસી ભોગીભાઈના નિરામય સ્વાસ્થ્યલાભ માટે તેઓને મળવા શ્રી કૃષ્ણ હૉસ્પિટલ પધારી પ્રાર્થનાઓ કરી. પારમિતા મંદિરે રાત્રિસભામાં સતીશભાઈ ચતવાણીએ અદ્‌ભુત મહિમાગાન કર્યું તેનું શ્રવણ કર્યું. રાત્રે આણંદમાં પ્રશાંતભાઈના જન્મદિન નિમિત્તે તેઓની 'સર્વોદય આઈસ્ક્રીમ' દુકાને પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૭ નવેમ્બર, શનિવાર...** બપોરે યુ.કે. પરત પધારતા સતીશભાઈ ચતવાણીને વિદાયની શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા. પારમિતા મંદિરે રાત્રિસભામાં ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૮ નવેમ્બર, રવિવાર...** યોગી વિદ્યાપીઠમાં શાળાના બીજા સત્રના પ્રારંભે યોજેલ મહાપૂજામાં પધારી સૌ શિક્ષકોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ નવેમ્બર, સોમવાર...** સાંજે પારમિતા મંદિરમાં યોજેલ શાકોત્સવમાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. વિશેષમાં ચાતુર્માસની પૂર્ણાહુતિ પ્રસંગે 'વ્રત, નિયમ અને તપ સાથે જીવન જીવીશું તો પ્રભુ પ્રસન્ન થશે' તેમ ચાતુર્માસના વિશેષ નિયમોની પુર્ણાહુતિ કરાવી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ગુરગૌલા-ઉત્તર પ્રદેશની ધર્મયાત્રાએ પધારતા પૂ. રાજુભાઈ ડે અને સૌ વ્રતધારી સંત ભાઈઓને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ નવેમ્બર, મંગળવાર...** વહેલી સવારે પારમિતા મંદિરમાં વ્રતધારી સંત પૂ. સુનીલભાઈ પંડ્યાની સર્જરી નિર્વિઘ્ને પાર પડે તે માટે ખાસ ધૂન-પ્રાર્થના કરી.

**૨૧ નવેમ્બર, બુધવાર...** યુ.કે.થી પધારેલ સદ્‌ગુરુ સંત પ.પૂ. રતિભાઈને સત્કારી રાજીપો દર્શાવ્યો. સવારે નૈરોબીનાં શૈલેશભાઈ-દેવિકાબહેનને સત્કાર્યાં તેમજ શૈલેશભાઈના નિરામય સ્વાસ્થ્ય માટે આશીર્વાદ પાઠવી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે 'બ્રહ્મનિર્ઝર'ની સેવામાં વ્યસ્ત સૌ કાર્યકર્તાઓને આશિષ પાઠવી તેઓની સેવા, ભક્તિને બિરદાવી તેમજ પ્રસન્નતા વરસાવી. માણાવદરથી પધારેલ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ નવેમ્બર, ગુરુવાર...** સવારે યુ.કે.થી પધારેલ વિજયભાઈ ઠક્કરને સત્કારી ગોષ્ઠિનું સુખ આપ્યું. રાત્રે યુ.કે. પરત પધારતા શ્રી વર્તનભાઈને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૩ નવેમ્બર, શુક્રવાર...** વહેલી સવારે પારમિતા મંદિરે આરતી કર્યા બાદ સૌની ભાવભરી વિદાય લઈ વડોદરા ઍરપૉર્ટ પધાર્યા. ત્યાં દર્શનાર્થે પધારેલ વડોદરાના સ્થાનિક ભક્તોને આશિષ પાઠવી ફ્લાઈટમાં મુંબઈ પધાર્યા. મુંબઈ ઍરપૉર્ટ પર જગતભાઈ, ત્રંબકભાઈ આદિ મોટી સંખ્યામાં પધારેલ ભક્તોનો સત્કારભાવ ઝીલી, સૌને આશીર્વાદ આપી ગોરેગાંવમાં રાજેશભાઈ-હેમાબહેનના નૂતન આવાસમાં પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. સાંતાક્રુઝમાં કનુભાઈ ગાંધીના ઘરે પધારી સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું અને સાંજે તેઓની ઑફિસમાં પધરામણી કરી સૌનાં સુખદ જીવન માટે પ્રાર્થના કરી. પાર્લા ત્રંબકદાદા-સમતાબાના ઘરે પધારી

ઘરમંદિરે ધૂન-પ્રાર્થના-આરતી અર્પણ કરી સૌ પરિવારજનોને ગોષ્ઠિનું સુખ આપ્યું તેમજ યોજેલ સત્સંગસભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ કનુભાઈ ગાંધીના ઘરે કર્યું.

**૨૪ નવેમ્બર, શનિવાર...** સવારે મંગલપૂજામાં કનુભાઈ-જ્યોતિબહેન ગાંધી તથા સ્થાનિક ઉપસ્થિત ભક્તોને સત્સંગલાભ આપ્યો. જગતભાઈ-ચારુબહેનના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે મુંબઈ અરુણિકાબહેન શાહના ભાણા ચિ. આનંદ અજયભાઈ પિરામલનાં લગ્ન ચિ. ઈશા મૂકેશભાઈ અંબાણી સાથે ૧૨મી ડિસેમ્બરના રોજ નક્કી કર્યાં હોવાથી અરુણિકાબહેનના ભાવભર્યા આગ્રહ-આમંત્રણથી તેઓના ઘરે યોજેલ મોસાળાના પ્રસંગમાં પધારી દીકરી સ્વાતિબહેન અને અજયભાઈ પિરામલ તથા મૂકેશભાઈ અંબાણી-નીતાબહેન આદિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઈશા-આનંદ સાથે સૌને દર્શન-આશીર્વાદ પાઠવી બૉમ્બે સૅન્ટ્રલ સ્ટૅશને પધાર્યા. ઘણા ભક્તો વિદાય આપવા એકત્ર થયા હતા તે સૌને બ્રહ્માનંદ કરાવી ટ્રેઈનમાં વડોદરા પ્રતિ પ્રયાણ કર્યું.

**૨૫ નવેમ્બર, રવિવાર...** સવારે ડાકોરમાં શ્રી ચંદ્રવદનભાઈ દ્વારા સંચાલિત અશક્તાશ્રમમાં દર વર્ષની માફક યોજાતી ત્રણ દિવસની શિબિરમાં પ્રથમ સભામાં દીપપ્રાગટ્ય કરી સૌ આશ્રમવાસીઓના અને ઉષાબહેન-ચંદ્રવદનભાઈના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. શિબિરમાં હાજર સૌને આશીર્વાદ આપ્યા. નડિયાદમાં વ્રતધારી સંત પૂ. સુનીલભાઈ પંડ્યાના નિરામય સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી પ્રાર્થનાઓ કરી. આજે બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજે વડતાલ મંદિરથી મહાભિનિષ્ક્રમણ કર્યું તે પાવન સ્મૃતિદિને સાંજે યુવાનો-ભક્તોએ બ્રહ્મજ્યોતિમાં નિર્માણાધીન નૂતન મંદિરના પ્લૉટ ફરતે પ્રદક્ષિણા-પ્રાર્થના-ધૂન કરી તે સૌ પર પ્રસન્નતા વરસાવી પ્રાસાદિક આમ્રવૃક્ષ નીચે યોજેલ સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ નવેમ્બર, સોમવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ ચિ. રાજવી-ચિ. રોનેટો પોતાના નવજાત દીકરાને લઈને પરિવારજનો સાથે દર્શને પધાર્યાં તે સૌને સત્કારી આશીર્વાદ આપ્યા. સાંજે પદમલા ખાતે બંધુબેલડી શતાબ્દી ઉત્સવની તૈયારી ચાલે છે તે સ્થાને પૂ. અશ્વિનભાઈ, સંતો સાથે નાસ્તો-પ્રસાદ લઈને પધાર્યા અને સૌને પ્રેમથી જમાડ્યા. પૂ. ઘનશ્યામભાઈ સાથે સમગ્ર આયોજન શાંતિથી નિહાળી સૌ કાર્યકર્તાઓને બિરદાવ્યા. સમગ્ર આયોજન-સમૈયો નિર્વિઘ્ને પાર પડે, જયજયકાર થઈ જાય તે માટે ધૂન-પ્રાર્થનાઓ કરી. રાત્રે દક્ષિણ ભારતની ધર્મયાત્રા પૂર્વે યોજેલ વિદાય-મિલન સભામાં સૌ મુક્તોને અદ્‌ભુત આનંદ કરાવી આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ નવેમ્બર, મંગળવાર...** સવારે આરતી બાદ બ્રહ્મજ્યોતિ પરિવારના સૌ સંતો-મુક્તોની ભાવભરી વિદાય લઈ અમદાવાદ ઍરપૉર્ટ પધાર્યા. ત્યાં સ્થાનિક ભક્તોના ભાવનો સ્વીકાર કરી ફ્લાઈટમાં ચેન્નાઈ પધાર્યા. ચેન્નાઈ ઍરપૉર્ટ ઉપર ભક્તોના સત્કારના ભાવ સ્વીકાર કરીને સર્વને દર્શન-આશિષનો લાભ આપી ઝવેરીભાઈ-રક્ષિતાબહેનના ઘરે પધાર્યા. મંડળના સૌ ઉપસ્થિત ભક્તો દ્વારા યોજેલ શોભાયાત્રામાં પધારી સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે ચિ. દીપ-ચિ. હિમાલીનાં લગ્ન-રિસેપ્શનમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ભક્તો સાથે મરીના બીચ પધારી સૌને ગોષ્ઠિનું સુખ આપ્યું. મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૨૮ નવેમ્બર, બુધવાર...** સવારે ઝવેરીભાઈ-ધ્રુવના ફૂડ મૉલ અને રક્ષિતાબહેન-દર્શનની 'રાડા' બ્યૂટિકમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ભરતભાઈ પરીખ-નીતાબહેનના દીકરા નિશાંત-એશાનાં લગ્ન પૂર્વે યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. બપોર પછી પૉંડિચેરી પ્રતિ પ્રયાણ કર્યું. પૉંડિચેરીમાં શ્રી અરવિંદો-શ્રી માતાજીનાં અંતેવાસી અને પ્રસન્નતાનું પાત્ર એવાં સિનિયર સાધિકાબહેન પૂ. કુસુમબહેને પાર્ક ગૅસ્ટ હાઉસમાં સૌનો ભાવથી સત્કાર કર્યો. અનુપમ મિશનના સંતો-ભક્તો માટે ખૂબ જ ભાવ છે, તો પૉંડિચેરીમાં ત્યાં જ રોકાણ કર્યું. રાત્રે ભક્તો સાથે બીચ ઉપર પધારી શ્રી અરવિંદો અને પૉંડિચેરી તીર્થધામના મહિમાની વાતો કરી સત્સંગલાભ આપ્યો.

**૨૯ નવેમ્બર, ગુરુવાર...** સવારે ખૂબ વરસાદ પડતો હોવાથી સૌ ભક્તોને ગૅસ્ટહાઉસની કૅન્ટીનમાં સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું. શ્રી અરવિંદ આશ્રમમાં શ્રી અરવિંદના પ્રસાદીના નિવાસસ્થાને, સમાધિસ્થાને પ્રાર્થના અને ધ્યાનનું સુખ અપાવ્યું. લંડનના ભક્તરાજ વિજયકુમારનાં માસી વિનુબહેન દ્વારા 'નિર્વાના ટ્રસ્ટ' હેઠળ ચાલતી પ્રાઈમરી તેમજ સૅકન્ડરી સ્કૂલમાં પધરામણી કરી. સત્કારસભામાં વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ સાથે કાર્યરત શિક્ષકોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે હિતેશભાઈ, ધર્મેશભાઈની મીઠાઈની દુકાનમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી તેઓના ઘરે પધારી સૌ પરિવારજનોને સત્સંગલાભ આપી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ગૅસ્ટહાઉસમાં પધારી સૌને ગોષ્ઠિનું સુખ આપી આનંદ કરાવી મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૩૦ નવેમ્બર, શુક્રવાર...** સવારે માતૃમંદિર ઑરોવિલની મુલાકાત લઈ ત્યાં ધ્યાન કર્યું. પાર્ક ગૅસ્ટહાઉસનાં સેવાભાવી સ્થાપક અને આપણાં આત્મીય કુસુમબહેન દેસાઈની સેવાને બિરદાવી અભિવાદન કર્યું. સાંજે ચેન્નાઈ પધાર્યા. રમણીકભાઈ, મયૂરભાઈની આર્ટ ગૅલેરીની મુલાકાત લઈ, તેઓનું કાર્ય નિહાળી ખૂબ પ્રસન્નતા વરસાવી. રાત્રે વડપલ્લીમાં દીપકભાઈ-માલતીબહેનની રેસ્ટોરન્ટમાં પધરામણી કરી આશીર્વાદ આપ્યા. ઝવેરીભાઈ-રક્ષિતાબહેનના ઘરે પધારી, સૌ પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપી આરામમાં પધાર્યા. ◆